18-19 જૂને છૂટાછવાયા વરસાદની આગાહી

ગુજરાતમાં હજુ ગરમીનો દબદબો યથાવત

અમદાવાદ 41 ડિગ્રી સાથે સૌથી ગરમ શહેરોમાં સામેલ

અમદાવાદ : રાજ્યમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસુ સિસ્ટમ હજુ ગુજરાત સુધી પહોંચી નથી અને તેના કારણે ગરમીનો માહોલ યથાવત રહ્યો છે. બુધવારે અમદાવાદ અને વલ્લભ વિદ્યાનગરમાં 41 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાતા બંને શહેરો રાજ્યના સૌથી ગરમ શહેરોમાં સામેલ રહ્યા હતા. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી સાત દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી.

રાજ્યના અન્ય શહેરોમાં ભાવનગરમાં 40 ડિગ્રી, ગાંધીનગર, વડોદરા, રાજકોટ, સુરેન્દ્રનગર અને અમરેલીમાં 39 ડિગ્રી, કંડલા એરપોર્ટ અને ડીસામાં 38 ડિગ્રી, ભૂજમાં 37 ડિગ્રી, મહુવા, કેશોદ, દમણ અને નલિયામાં 35થી 37 ડિગ્રી વચ્ચે તાપમાન નોંધાયું હતું.

છેલ્લા 24 કલાક દરમિયાન સૌરાષ્ટ્રના એકાદ-બે વિસ્તારોમાં હળવો વરસાદ નોંધાયો હતો, જ્યારે ગુજરાત પ્રદેશ, કચ્છ, દમણ તેમજ દાદરા અને નગર હવેલીમાં હવામાન મુખ્યત્વે સૂકું રહ્યું હતું. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ નોંધાયું હતું.હવામાન વિભાગના જણાવ્યા મુજબ અમદાવાદમાં આગામી 24 કલાક દરમિયાન આકાશ સામાન્ય રીતે વાદળછાયું રહેવાની શક્યતા છે અને મહત્તમ તાપમાન આશરે 40 ડિગ્રી સેલ્સિયસ રહેવાની આગાહી કરવામાં આવી છે.

દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની ઉત્તર સીમા હાલ હરનાઈ, સોલાપુર, હૈદરાબાદ, ભદ્રાચલમ, કોરાપુટ, ફુલબાની, રાંચી, જામુઈ અને મુઝફ્ફરપુર સુધી પહોંચી છે. આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન તે તેલંગાણા, ઓડિશા, ઝારખંડ, બિહાર અને છત્તીસગઢના વધુ વિસ્તારોમાં આગળ વધવા માટે પરિસ્થિતિ અનુકૂળ હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. ઉત્તર પાકિસ્તાન અને આસપાસના વિસ્તારો ઉપર પશ્ચિમી વિક્ષેપ સક્રિય છે, જ્યારે 18 જૂનથી ઉત્તર-પશ્ચિમ ભારતમાં વધુ એક તાજો પશ્ચિમી વિક્ષેપ અસરકારક બનવાની શક્યતા છે. રાજ્ય ઉપર હાલ દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમ દિશાના પવનો ફૂંકાઈ રહ્યા છે.

18 જૂને બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે છાંટા પડવાની શક્યતા છે. ઉપરાંત અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, દમણ, દાદરા અને નગર હવેલી તેમજ દીવમાં પણ છૂટાછવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે.

19 જૂને અરવલ્લી, દાહોદ અને મહીસાગર જિલ્લામાં એકલદોકલ સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદી ઝાપટાં પડી શકે છે.હવામાન વિભાગના અનુમાન મુજબ 20 જૂનથી 24 જૂન દરમિયાન રાજ્યમાં મોટા ભાગે સૂકું હવામાન રહેવાની શક્યતા છે. આ સમયગાળા દરમિયાન વરસાદની કોઈ નોંધપાત્ર શક્યતા નથી અને તાપમાનમાં પણ ખાસ ઘટાડો થવાની સંભાવના દેખાતી નથી.

ગુજરાતની ત્રણ મહાનગર પાલિકાને ઈમેઈલથી ધમકી

ધમકીભર્યા ઈ-મેઈલ બાદ સર્ચમાં કોઇ જ શંકાસ્પદ ચીજ નહીં મળી

ગાંધીનગર : ગુજરાતની ત્રણ મહાનગરપાલિકાઓને એકસાથે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં રાજ્યના સુરક્ષા તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. જામનગર, સુરત અને વડોદરા મહાનગરપાલિકાની મુખ્ય કચેરીઓને અજાણ્યા શખ્સો દ્વારા ધમકીભર્યા ઈ-મેઈલ મોકલાતા પોલીસ, બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની ટીમો તાત્કાલિક હરકતમાં આવી ગઈ હતી.ધમકીની ગંભીરતાને ધ્યાનમાં રાખીને જામનગર મહાનગરપાલિકાની મુખ્ય કચેરીમાંથી 1000થી વધુ કર્મચારીઓ અને નાગરિકોને તાત્કાલિક બહાર કાઢી સમગ્ર પરિસર ખાલી કરાવવામાં આવ્યું હતું. અચાનક ખાલી કરાવવાની કામગીરીને કારણે થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

જામનગરમાં ધમકીભર્યો ઈ-મેઈલ મળતા જ પોલીસના ઉચ્ચ અધિકારીઓ, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની ટીમોએ કચેરીના દરેક વિભાગ, રૂમ, લોબી, પાર્કિંગ અને આસપાસના વિસ્તારોમાં ઝીણવટભરી તપાસ શરૂ કરી હતી. કચેરીની આસપાસ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.બીજી તરફ સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. સમગ્ર બિલ્ડિંગને સીલ કરીને સઘન સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. જોકે પ્રાથમિક તપાસમાં કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નહોતી. જામનગર અને સુરત બાદ વડોદરા મહાનગરપાલિકા પણ ધમકીના નિશાને આવી હતી. વડોદરા મનપાને પણ સમાન પ્રકારનો ઈ-મેઈલ મળતાં પોલીસ તંત્ર તાત્કાલિક સક્રિય બન્યું હતું. બોમ્બ અને ડોગ સ્ક્વોડની મદદથી સમગ્ર કચેરીની તપાસ હાથ ધરાઈ હતી. અત્યાર સુધી કોઈ વિસ્ફોટક સામગ્રી કે શંકાસ્પદ વસ્તુ મળી આવી નથી.

સૂત્રોના જણાવ્યા મુજબ ત્રણેય મહાનગરપાલિકાઓને મળેલા ઈ-મેઈલના સ્ત્રોત અને તેમાં ઉપયોગમાં લેવાયેલા ડિજિટલ ટ્રેલની તપાસ માટે સાયબર ક્રાઇમ નિષ્ણાતોની પણ મદદ લેવામાં આવી રહી છે. ધમકી પાછળ કોઈ સંગઠિત તત્વ, સાયબર શરારત કે અન્ય કોઈ ષડ્યંત્ર છે કે નહીં તે દિશામાં તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે.એક જ દિવસે રાજ્યની ત્રણ મહાનગરપાલિકાઓને મળેલી ધમકીએ સુરક્ષા એજન્સીઓને સતર્ક બનાવી દીધી છે. હાલમાં ત્રણેય શહેરોમાં સઘન ચેકિંગ ચાલુ છે અને સુરક્ષા વ્યવસ્થા વધુ કડક કરવામાં આવી છે.

રાજ્યની 224 APMCના 3 હજારથી વધુ કર્મચારીઓને બે પગાર જેટલું બોનસ

ગાંધીનગરઃ રાજ્યની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ (APMC) માં કાર્યરત 3,000થી વધુ કર્મચારીઓ માટે રાજ્ય સરકારે મહત્ત્વનો રાહતભર્યો નિર્ણય લીધો છે. સીએમ ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ સહકાર મંત્રી જીતુ વાઘાણીએ એપીએમસી કર્મચારીઓને બોનસ અને રહેમ ભથ્થાંની ચૂકવણી માટે સત્તાવાર મંજૂરી જાહેર કરતાં રાજ્યની 224 બજાર સમિતિઓના કર્મચારીઓમાં ખુશીની લહેર દોડી ગઈ છે. નવી વ્યવસ્થા મુજબ જે એપીએમસીનો કુલ મહેકમ ખર્ચ બજારના નિયમો અનુસાર નિર્ધારિત 40 ટકાની મર્યાદામાં રહેશે, તેવી તમામ બજાર સમિતિઓ પોતાના કર્મચારીઓને મહત્તમ બે મહિનાના પગાર જેટલું બોનસ અથવા રહેમ ભથ્થું ચૂકવી શકશે. લાંબા સમયથી કર્મચારી સંગઠનો દ્વારા કરવામાં આવતી માંગણીને રાજ્ય સરકારે સ્વીકારતા હજારો કર્મચારીઓને સીધો આર્થિક લાભ મળવાનો માર્ગ મોકળો બન્યો છે. સહકાર વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ, એપીએમસીના વહીવટી અને નાણાકીય હિતો વચ્ચે સંતુલન જાળવી કર્મચારીઓના કલ્યાણને પ્રાધાન્ય આપવાના અભિગમ હેઠળ આ નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત રાજ્ય બજાર સમિતિ કર્મચારી સંઘ દ્વારા રજૂ કરાયેલી માંગણીઓ અને મુખ્યમંત્રી સ્તરે થયેલી ઉચ્ચસ્તરીય ચર્ચા બાદ આ મંજૂરી આપવામાં આવી હોવાનું જણાવાયું છે.

ઈરાન અને અમેરિકા વચ્ચેના શાંતિકરારથી ઈઝરાયેલનો ગરાસ લૂંટાઈ ગયો છે

ટુ ધ પોઈન્ટ ▪ સંજય વોરા ▪

ઈરાન સાથે અમેરિકાનો યુદ્ધવિરામ કરાર ઈઝરાયેલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ માટે મોટો ફટકો બની ગયો છે. અમેરિકાએ ઈરાન પર હુમલો કર્યો તેમાં મુખ્ય દોરીસંચાર નેતન્યાહૂનો હતો. હવે અમેરિકાએ નેતન્યાહૂની મંજૂરી વગર ઈરાન સાથે શાંતિકરાર કર્યા તેને કારણે નેતન્યાહૂનો ગરાસ લૂંટાઈ ગયો છે. આ કરારે નેતન્યાહૂના રાજકીય કારકિર્દીના ત્રણ મજબૂત સ્તંભોને તોડી નાખ્યા છે અને તેમને ઈઝરાયેલની સુરક્ષા અંગે નવી મૂંઝવણમાં મૂક્યા છે. એક માણસ, જેણે પોતાને અમેરિકાનો રાજકીય સાથી ગણાવ્યો હતો અને જે અમેરિકન રાજકારણીઓ પર વાસ્તવિક પ્રભાવ ધરાવતો હતો, તેને અમેરિકા દ્વારા વ્યાપકપણે બાજુ પર ધકેલી દેવામાં આવ્યો અને જાહેરમાં અપમાનિત કરવામાં આવ્યો છે. જે માણસે ઈરાન પર હુમલાના મુદ્દાને ઈઝરાયલની સુરક્ષા માટે સર્વોપરી બનાવ્યો હતો, તે ઈરાન સાથેના યુદ્ધનો અંત એવા સમયે કેવી રીતે કરી શકે જ્યારે ઈરાન મજબૂત સ્થિતિમાં દેખાતું હતું? થોડા મહિનામાં ઈઝરાયેલમાં સામાન્ય ચૂંટણીઓ યોજાવાની છે. અમેરિકા અને ઈરાન માંગણી કરી રહ્યા છે કે ઈઝરાયેલ લેબનોનમાં હિઝબુલ્લાહ પર હુમલો બંધ કરે. આવી માંગણી ઈઝરાયેલના રક્ષણહાર તરીકે નેતન્યાહૂની લાંબા સમયથી ખરડાયેલી રાજકીય છબીને નુકસાન પહોંચાડી શકે છે. આ કારણે જ શાંતિકરારની જાહેરાત છતાં ઈઝરાયેલે લેબેનોન પર હુમલા ચાલુ રાખ્યા છે.

અગાઉ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે નેતન્યાહૂને ઠપકો આપતા કહ્યું હતું કે તેમણે તાજેતરમાં બૈરૂત પર હુમલો કરવાનો આદેશ આપતી વખતે કોઈ શાણપણ બતાવ્યું ન હતું. આનાથી નેતન્યાહૂના રાજકીય દુશ્મનો અને મીડિયા વિવેચકો રાજીના રેડ થઈ રહ્યા છે, જેઓ પહેલાથી જ ઓક્ટોબરની ચૂંટણી પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. નેતન્યાહૂની પોતાની લિકુડ પાર્ટીના સભ્યો અને તેમની ગઠબંધન સરકારના જમણેરી કેબિનેટ મંત્રીઓનાં નિવેદનો પણ તેમના પર રહેલાં દબાણને દર્શાવે છે. આ દબાણ મુખ્યત્વે ઈરાનની માંગને કારણે છે કે યુદ્ધવિરામ કરારમાં લેબનોન સહિત તમામ મોરચે લશ્કરી કાર્યવાહી બંધ કરવાનો સમાવેશ થાય છે.

થોડા સમય પહેલાં બેન્જામિન નેતન્યાહૂએ સોશિયલ મીડિયા X પર એક વિડિઓ પોસ્ટ કર્યો હતો . તેમાં તેમણે કહ્યું હતું કે કોઈ કરાર હોય કે ન હોય, જ્યાં સુધી હું ઈઝરાયેલનો વડા પ્રધાન છું ત્યાં સુધી ઈરાન પરમાણુ શસ્ત્રો ધરાવશે નહીં. ઈઝરાયેલના અતિ-જમણેરી રાષ્ટ્રીય સુરક્ષા મંત્રી ઇટામર બેન-ગ્વિરે સોમવારે સોશિયલ મીડિયા પર લખ્યું કે અમે ટ્રમ્પના કરારથી બંધાયેલા નથી. અમે એવા કરારના પક્ષકાર નથી જે ઇઝરાયેલની સુરક્ષા સુનિશ્ચિત ન કરે. અમે જે જરૂરી છે તે કરીશું. અને અમને આશા છે કે અમારા સાથીઓ અમને સમજશે. ક્યારેક સાથીઓ વચ્ચે મતભેદો હોય છે અને જ્યારે એક સાથી જોખમમાં હોય છે, ત્યારે અન્ય સાથીઓએ સમજવું જોઈએ. જોકે, તેમણે સ્પષ્ટ કર્યું નહીં કે શું આનો અર્થ એ છે કે ઈઝરાયેલ તેના હુમલા ચાલુ રાખશે. મોસાદના ભૂતપૂર્વ અધિકારી અને ઈરાન બાબતોના નિષ્ણાત સીમા શાઇને કહ્યું કે અમેરિકનોએ શા માટે આ વાત માની તે સમજવું મુશ્કેલ છે. ઈરાનને લેબનોનમાં શું થાય છે તે નક્કી કરવાની મંજૂરી આપીને અમેરિકા ઈરાનને હિઝબુલ્લાહને ટેકો આપવાનું ચાલુ રાખવાની અને લેબનીઝ રાજકારણમાં હિઝબુલ્લાહ એક મહત્ત્વપૂર્ણ શક્તિ રહે તે સુનિશ્ચિત કરવાની મંજૂરી આપી રહ્યું છે.

ઈઝરાયેલની સુરક્ષા પ્રત્યે નેતન્યાહૂના નવા અભિગમને કારણે ઇઝરાયલી દળોએ ગાઝા, લેબનોન અને સીરિયાના મોટા વિસ્તારો પર કબજો કરી લીધો છે. ઘણા ઇઝરાયલીઓને તે ગમે છે અને ચૂંટણી પહેલાં તે સમાપ્ત થવાની શક્યતા ઓછી છે, પરંતુ તે ઈઝરાયેલના લશ્કરી સંસાધનો અને અનામત સૈનિકો પર ભારે તાણ લાવી રહ્યું છે. આમાંથી બહાર નીકળવાનો કોઈ સ્પષ્ટ રાજદ્વારી રસ્તો દેખાતો નથી. હિઝબુલ્લાહ અને ઈરાની સરકાર સાથે વારંવાર થયેલી અથડામણોએ ઈઝરાયેલના મુખ્ય દુશ્મનોને ખતમ કર્યા નથી, પરંતુ ઈરાનમાં વધુ કટ્ટરપંથી નેતાઓનો જન્મ થયો છે. આ ઈરાની નેતાઓ અમેરિકા અને ઈઝરાયેલની શક્તિથી ઓછા ડરે છે અને હોર્મુઝ સ્ટ્રેટની મદદથી તેમની પાસે વધુ લાભ પણ છે. ઈઝરાયેલના ઇન્સ્ટિટ્યૂટ ફોર નેશનલ સિક્યુરિટી સ્ટડીઝ (INSS) ખાતે ઇરાન પરના વરિષ્ઠ સંશોધક ડેની સિટ્રિનોવિચે જણાવ્યું કે જો અમેરિકા ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલી કોઈપણ લશ્કરી કાર્યવાહીને કરારને નબળી પાડવાના પ્રયાસ તરીકે જુએ છે, તો એવી અપેક્ષા રાખવામાં આવે છે કે અમેરિકા તરફથી આકરો પ્રતિસાદ મળશે. ઓબામાના વહીવટ દરમિયાન બેન્જામિન નેતન્યાહૂ કોંગ્રેસ અને અમેરિકન જનતાનો ટેકો મેળવીને વ્હાઇટ હાઉસને બાયપાસ કરવાનો પ્રયાસ કરી શક્યા હોત, પરંતુ તેનાથી વિપરીત, આજે આવા વિકલ્પો લગભગ અસ્તિત્વમાં નથી. ઈઝરાયેલી મતદારો સમક્ષ નેતન્યાહૂ લાંબા સમયથી એવી દલીલ રહ્યા છે કે તેમની નીતિઓ અને રાજકીય કુશળતા પ્રાદેશિક જોખમો સામે શ્રેષ્ઠ રક્ષણ પૂરું પાડે છે, પરંતુ અમેરિકા-ઈરાન કરારે આ વચનને નબળું પાડ્યું હોય તેવું લાગે છે. ઈરાનમાં શાસન પરિવર્તનથી તેમની રાજકીય છબી બચી શકી હોત, પણ તેવું બની શક્યું નથી. G-7 સમિટમાં પત્રકારો સાથે વાત કરતાં અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયેલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂની આકરી ટીકા કરી હતી અને કહ્યું હતું કે લેબનોનમાં ઈઝરાયેલના હુમલા બિનજરૂરી હતા. નેતન્યાહૂ સાથેના પોતાના સંબંધો વિશે બોલતાં ટ્રમ્પે કહ્યું કે મારા બીબી સાથે ખૂબ સારા સંબંધો છે, પરંતુ બીબીએ લેબનોનમાં વધુ જવાબદાર બનવાની જરૂર છે. લેબનોન એક સમયે મહાન પ્રોફેસરો, ડોકટરો અને વકીલો ધરાવતો એક મહાન દેશ હતો. તે પહેલા બૌદ્ધિકોનો દેશ હતો, પરંતુ હવે ત્યાંની પરિસ્થિતિ ભયંકર છે. લેબનોન ઘણું સહન કરી ચૂક્યું છે. તેઓ પોતાનું રક્ષણ પણ કરી શકતા નથી. તેમની પાસે હિઝબુલ્લાહ છે, જે તેમના માટે સમસ્યા છે. અગાઉ નેતન્યાહૂએ અમેરિકા અને ઈરાન વચ્ચેના શાંતિ કરાર પ્રત્યે કોઈ ખાસ હકારાત્મક વલણ દર્શાવ્યું ન હતું અને સંકેત આપ્યો હતો કે ઈરાન સાથે તેમનું કડક વલણ ચાલુ રહેશે. છેલ્લા કેટલાક દિવસોથી નેતન્યાહૂ અને ટ્રમ્પ વચ્ચેના સંબંધોમાં કડવાશ જોવા મળી રહી છે. ઈરાન-અમેરિકા શાંતિ કરારને ઈઝરાયેલમાં પણ ખાસ સકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો નથી. સ્થાનિક રાજકીય દબાણને પગલે નેતન્યાહૂએ કહ્યું કે કોઈ સોદો થાય કે ન થાય, જ્યાં સુધી હું ઈઝરાયેલનો વડા પ્રધાન છું, ત્યાં સુધી ઈરાન પાસે કોઈ પરમાણુ શસ્ત્રો રહેશે નહીં. જ્યારે અમેરિકા ઈરાન સાથે શાંતિ વાટાઘાટો કરી રહ્યું હતું, ત્યારે ઈઝરાયેલે લેબનોન પર અનેક હુમલા કર્યા હતા. ઈરાને આ અંગે ઊંડી નારાજગી વ્યક્ત કરી અને દાવો કર્યો કે લેબનોનમાં યુદ્ધવિરામ શાંતિ કરારનો એક ભાગ હતો. અમેરિકા કે ટ્રમ્પે ઈરાનના દાવાની પુષ્ટિ કરી નથી, પરંતુ ટ્રમ્પે કરાર પર વાટાઘાટો દરમિયાન લેબનોન પર ઈઝરાયેલી હુમલાઓની આકરી ટીકા કરી હતી અને ફોન કોલમાં નેતન્યાહૂને ઠપકો આપ્યો હતો. ડોનાલ્ડ ટ્રમ્પની ટિપ્પણીઓ નેતન્યાહૂ પ્રત્યેનો તેમનો ગુસ્સો દર્શાવે છે. તેઓ બૈરૂત પર થયેલા હુમલાનો ઉલ્લેખ કરી રહ્યા હતા, જે તે સમયે થયો હતો જ્યારે તેઓ ઈરાન સાથે શાંતિ કરાર કરવા જઈ રહ્યા હતા. તેમણે ઈઝરાયેલી હુમલાઓને અતિશય અને બિનજરૂરી ગણાવ્યા હતા. તેમણે નેતન્યાહૂને વધુ જવાબદાર બનવાની સલાહ આપી હતી. ઈઝરાયેલની દલીલ છે કે તે હિઝબુલ્લાહના ખતરાનો સામનો કરવા માટે આ હુમલાઓ કરી રહ્યું છે, પરંતુ અમેરિકાના રાષ્ટ્રપતિએ કહ્યું કે તે અતિશય બળનો ઉપયોગ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે જો નેતન્યાહૂ તે ન કરી શકે, તો સીરિયા કરશે. ખાસ કરીને લેબેનોનના વૈવિધ્યસભર સમાજ અને તેના આઘાતજનક ઇતિહાસને ધ્યાનમાં લેતાં આ એક મહત્ત્વપૂર્ણ નિવેદન છે. ડોનાલ્ડ ટ્રમ્પ જાણે છે કે લેબનોનમાં શાંતિ વિના મધ્ય પૂર્વ સંકટને ઉકેલવાના અમેરિકાના પ્રયાસો સફળ થઈ શકતા નથી. તેથી, તેઓ હવે ઈઝરાયેલના વડા પ્રધાન નેતન્યાહૂ પ્રત્યે ધીરજ ગુમાવી રહ્યા છે. જો ઈરાન સાથેના શાંતિકરાર પર સહીસિક્કા થયા પછી પણ ઈઝરાયેલ લેબેનોન પરના હુમલાઓ ચાલુ રાખશે તો અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચે મોટી તિરાડ પડશે, જે નેતન્યાહૂ માટે ઘાતક પુરવાર થશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

છેલ્લા કેટલાક દિવસોથી નેતન્યાહૂ અને ટ્રમ્પ વચ્ચેના સંબંધોમાં કડવાશ જોવા મળી રહી છે. ઈરાન-અમેરિકા શાંતિ કરારને ઈઝરાયેલમાં પણ ખાસ સકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો નથી

BUSINESS મિત્ર

પીએસયુ બેન્કોની આગેવાની હેઠળ શેરબજારમાં તેજી આગળ વધી

સેન્સેક્સ ૭૭,૦૦૦ને પાર, રોકાણકારોને 3 લાખ કરોડની કમાણી!

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 17: ક્રુડ ઓઈલના ભાવમાં તીવ્ર ઘટાડો થવાના કારણે ભારતીય શેરબજારમાં તેજીનો દોર જોવાઈ રહ્યો છે. બીએસઇ એક્સપાયરી પુર્વે શેરબજારમાં તેજી થંભી નહતી, જેના લીધે સેન્સેક્સ 400 પોઈન્ટથી વધુ ઉછળ્યો હતો, જ્યારે નિફ્ટી 24100ના સ્તરને પણ પાર કરી દીધી હતી, પણ છેલ્લે 24050ની ઉપર બંધ રહી હતી. બ્રોડર માર્કેટમાં પણ ચમક જોવા મળી હતી, જે અડધા ટકા જેટલો વધારો જોવાયો હતો. સેકટરવાઇઝ જોઇએ તો ઓટો સેક્ટરે બજારને દબાવવાનો પ્રયાસ કર્યો હતો, જેને રિયલ્ટી શેરોએ પણ ટેકો આપ્યો હતો, પણ પીએસયુ બેન્ક શેરોએ આગેવાની લેતા શેરબજારમાં દબાણ લાવવાનો પ્રયાસ નિષ્ફળ ગયો હતો. પીએસયુ બેન્ક પ્રારંભિક ઘટાડામાંથી રીકવર થયો હતો અને દોઢ ટકાથી વધુ ઉછળ્યો હતો. આજે કન્ઝયુમર ડયુરેબલ્સ અને મેટલ શેરોમાં સુધારો જોવાયો હતો, જ્યારે ઓટો, રિયલ્ટી અને એફએમસીજી શેરોમાં ઘટાડો થયો હતો.

બીએસઇ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 3 લાખ કરોડથી વધુનો વધારો થયો હતો, એટલે કે રોકાણકારોએ રૂ. 3 લાખ કરોડની કમાણી કરી હતી. આજે બીએસઇ માર્કેટ કેપ રૂ. 475 લાખ કરોડ થઇ ગયું હતું.

ભારતનું દક્ષિણ-પશ્ચિમ ચોમાસુ કેરળ પહોંચ્યા બાદ અટકી ગયું છે, જેના કાણે દેશમાં 16 જુન સુધીમાં 35 ટકા વરસાદની અછત છે. મધ્ય ભારતમાં 63 ટકા અને પુર્વ અને ઉત્તરપુર્વીય પ્રદેશોમાં 43 ટકામાં આ અછત સૌથી વધુ તીવ્ર છે, જ્યારે ચોમાસુ તેની સામાન્ય આગમનની તારીખના એક સપ્તાહથી વધુ સમય પછી હજુય સુધી મુંબઇ પહોંચ્યું નથી. સામાન્ય રીતે ચોમાસુ નબળું છે. બીએસઇ સેન્સેક્સ 347.14 પોઇન્ટ એટલે કે 0.45 ટકા વધીને 77000 પોઇન્ટની સપાટી કુદાવીને 77155.62 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 77218 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76768 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 24000 પોઇન્ટની સપાટી કુદાવી દીધી હતી. આજે નિફ્ટી 96.55 પોઇન્ટ એટલે કે 0.4 ટકા વધીને 24085.70 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 24108 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23969 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 287.90 પોઇન્ટ એટલે કે 0.5 ટકા વધીને 57585.05 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે ફિનોલેક્સ ઇન્ડ. માં 81.93 ગણા, યુપીએલ લિ.માં 28.98 ગણા, ડોમ્સ ઇન્ડ.માં 16.26 ગણા, બ્રિગ્રેડ એન્ટર.માં 9.9 ગણા, જનરલ ઇન્સ્યોરેન્સમાં 4.86 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ડોમ્સ ઇનડ્.માં 29.65 ગણા, આઇડીબીઆઇ બેન્કમાં 19.96 ગણા, બ્રિગ્રેડ એન્ટરમાં 18.24 ગણા, યુકો બેન્કમાં 13.83 ગણા અને અપોલો ટાયરમાં 6.81 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં સુધારો જોવાયો હતો. બીએસ મિડકેપ ઇન્ડેક્સ 0.33 ટકા અ સ્મોલકેપ ઇન્ડેક્સ 0.48 ટકા સુધારો જોવાયો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ જોવાયા હતા. બીએસઇ ખાતે 2382 શેરો વધ્યા હતા અને 1867 શેરો ઘટ્યા હતા, જ્યારે 180 શેરો યથાવત રહ્યા હતા. નિફ્ટી કન્ઝયુમર ડયુરેબલ્સ ઇન્ડેક્સ 2.11 ટકા વધ્યા હતા. સતત ચાર ટ્રેડિંગ સેશન માટે ઇન્ડેક્સ 8.94 ટકા વધ્યો હતો. જેમાં ડિક્સન ટેનકો, બ્લુસ્ટાર, ક્રોમ્પ્ટોન ગ્રીઝ, પીજી ઇલેટ્રોપ્લાસ્ટ, વોલ્ટાસ, કજારિયા સીરામીક, હેવેલ્સ ઇન્ડિયા, ટાઇટન કંપની, કલ્યાણ જવેલર્સ અને એમ્બર એન્ટર વધ્યા હતા.

યુકેનો ફુગાવો 2.8 પર હોવાથી મોટા ભાગના યુરોપિયન બજારોમાં ઘટાડો થયો હતો. બ્રિટન ઓફિસ ફોર નેશનલ સ્ટિટસ્ટિક્સે જણાવ્યું હતું કે, મે મહિનામાં વધતા ભાવમાં પરિવહનનો સૌથી મોટો ફાળો હતો, જે ખોરાક અને નન આલ્કોહોલિક પીણાના ભાવમાં ઘટાડો દ્વારા આંસિક રીતે સરભર કરવામાં આવ્યો હતો. બેન્ક ઓફ ઇંગ્લેન્ડ બેઠકમાં વ્યાજદર 3.75 ટકા પર રાખે તેવી અપેક્ષા છે. યુએસ સેન્ટ્રલ બેન્કના વ્યાજદરના નિર્ણયની રાહ જોતા એશિયન બજારો ઉછળ્યા હતા. આજે ફેડરલ રિઝર્વના વ્યાજદરના નિર્ણય પર બજારમાં વધઘટ જોવા મળશે.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.06 ટકા અને ડેક્સ 0.02 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે, જ્યારે કેક 0.05 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારમાં નીક્કી 0.84 ટકા, સ્ટ્રેઇટસ 1.15 ટકા, તાઇવાન 0.15 ટકા, કોસ્પી 1.55 ટકા અને શાંઘાઇ 0.39 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે જકાર્તા 0.55 ટકા અને હેંગસેંગ 0.79 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયામાં સુધારો ધીમો પડ્યો

અમદાવાદ, તા. 17ઃ ક્રુડના ભાવમાં ઘટાડો આગળ વધ્યો હોવાથી રૂપિયામાં સુધારો આગળ વધ્યો હતો, પણ આ સુધારો ધીમો પડ્યો હતો. કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 4 પૈસા વધીને 94.53ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.57ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 109.91, પાઉન્ડ 126.04, કેનેડિયન ડોલર 67.52, ઓસ્ટ્રેલિયન ડોલર 67.11, જાપાનીઝ યેન 0.5897 અને સીંગાપોર ડોલર 73.85ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	94.53 રૂ.
યુરો	109.91 રૂ.
પાઉન્ડ	126.04 રૂ.
યેન	0.5897 રૂ.

સેન્સેક્સ	347.14	77155.62
નિફ્ટી	96.55	24085.70
બેન્ક નિફ્ટી	287.90	57585.05

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટ્રેન્ટ	7.07	3102.80
બીઇએલ	3.02	419.85
હિન્દાલ્કો	2.60	1007.90
ઇટર્નલ	1.89	258.40
ટાટા સ્ટીલ	1.54	199.01

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટીએમપીવી	8.30	360.95
સીપલા	1.63	1350.80
ઓએનજીસી	1.29	245.00
બજાજ ફિનસર્વ	1.27	1764.40
એક્સીસ બેન્ક	1.08	1350.90

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટ્રેન્ટ	7.06	3101.65
બીઇએલ	3.06	419.80
ઇટર્નલ	1.95	258.50
ટાટા સ્ટીલ	1.53	199.00
ઇન્ફોસીસ	1.29	1158.10

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
બજાજ ફિનસર્વ	1.16	1765.75
એક્સીસ બેન્ક	1.09	1350.95
કોટક મહિન્દ્રા બેન્ક	0.88	404.50
મહિન્દ્રા-મહિન્દ્રા	0.51	3121.65
મારૂતિ સુઝુકી	0.45	13631.50

યાર્ન બજાર સુરત (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**	૭૫/૩૬ ''	૧૩૭.૫	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૭૦	૫૦/૩૬ ''	૧૪૯	૮૦/૭૨ બ્લેક રોટો	૧૫૧
૩૦/૩૬ એફડી	૨૭૭	૫૦/૪૮ SD/ક્રેપ	૨૪૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૪૩
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૨	૩૦/૧૪ ક્રિમ્પ	૧૯૫
૬૮/૩૬	૧૪૪	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૮
૭૨/૩૬ ક્રિમ્પ	૧૪૨	૧૦૦ ટેક્ષ	૧૪૦	૬૮ ક્રિમ્પ	૧૪૭
૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૧	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૪૩
૮૪/૪૮ ક્રિમ્પ	૧૪૧	૮૦/૭૨ રોટો	૧૪૫	૭૫ ક્રિમ્પ	૧૪૨
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૫૧	૮૦ ક્રિમ્પ	૧૪૦
૮૦/૭૨ રોટો.	૧૪૨	૧૬૦ ડીસ્કેટ	૧૫૧	૮૦/૭૨ રોટો	૧૪૩.૫
૮૦/૩૬ રોટો.	૧૪૩	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૩૯	૮૦/૧૦૮ ''	૧૪૩.૫	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૪૨.૫

તેલ બજાર સુરત (૧૫ કિલોના ભાવ)

સીંગતેલ (૧૫ કિ.)	૨૯૫૦	કોપરેલ	૪૭૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૭૦૦	વનસ્પતિ ઘી	૨૬૨૦
સીંગતેલ (૫ લી)	૯૨૦	સનફલાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૭૭૦	તલતેલ	૪૭૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૫૨૦	દિવેલ	૨૪૮૦
કપાસીયા (૫ લિ.)	૮૮૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૦૦		

જથ્થાબંધ ખાંડબજાર (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

મહારાષ્ટ્ર	
એમ-30 (ભરવાલાયક)	૪૫૦૦
એમ-30	૪૪૫૦
એસ-30	૪૪૦૦
ગુજરાત	
એમ-30	૪૩૫૦
એસ-30	૪૩૦૦

દોઢ વર્ષમાં ભારતીય શેરબજાર નવી ઉંચાઇ હાંસલ કરશેઃ નિલેશ શાહ

અમેરિકા-ઇરાન વચ્ચે તણાવ ઓછો થાય તે પહેલાં જ બજારમાં રાહતની રેલી જોવાશે

મુંબઇ, તા. 17ઃ અમેરિકા-ઇરાન ડીલે ભારતીય શેરબજારને તેજીની પાંખો આપી છે. સતત ત્રીજો દિવસ છે, જ્યાં ભારતીય શેરબજારોમાં સારી રીકવરી જોવા મળી રહી છે. લાંબા સમય બાદ ભારતીય શેરબજારમાં તાકાત જોવા મળી રહી છે. અગાઉ ભારતીય શેરબજારમાં તેજી ટકાઉ નહોતી, પણ વૈશ્વિક પરિસ્થિતિ સુધરી રહી છે અને આ સુધારો ચાલુ રહેશે તો આવનારા એકથી દોઢ વર્ષમાં નવી ઉંચાઇ હાંસલ કરશે.

આ સંદર્ભમાં કોટક એએમસીના એમડી નિલેશ શાહે કહ્યું કતે, ઇરાન-અમેરિકા વચ્ચે તણાવ ઓછો થાય તે પહેલાં જ બજારમાં રાહત રેલી રહી છે, ત્યારબાદ બજાર ધીમે ધીમે ઉપર જશે. તેમનું માનવું છે કે સ્ટ્રકચરલ ઇન્ડિયાની વાર્થાને કારણે 12થી 18 મહિનામાં બજાર નવી ઉંચાઇએ પહોંચશે. બીજા ભાગમાં બજાર નવી ઉંચાઇએ પહોંચવાની ખાતરી આપતું નથી. હાલમાં ડીઆઇઆઇના ટેકથી બજારે મજબૂતી દર્શાવી છે. પરંતુ પડકારો હજુય પણ આમાં ચોમાસાનો સામાન્ય કરતા ઓછો વરસાદ, ગ્રામીણ વિસ્તારોમાં ફુગાવાનું જોખમ, કમાણી વિતરણ, વૈશ્વિક એઆઇ-લિક્વિડિટી શિફ્ટ અને કેટલાક પેકેટસમાં મુલ્યાંકનનો સમાવેશ થાય છે. વિદેશી રોકાણકારો ભારતીય બજારમાં પરત ફરશે તેવા પ્રશ્નના જવાબમાં નિલેશ શાહે કહ્યું કે, વિદેશી રોકાણકારો બીજા ભાગમાં ભારતીય બજારમાં પરત ફરી શકે છે. જેમાં ભૌગોલિક રાજકીય તણાવ ઘટ્યો છે. ક્લુડના ભાવ સ્થિર થઇ રહ્યા છે. રૂપિયાને ટેકો મળી રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. વિદેશી રોકાણકારો કમાણી વિશે ચિત્ર સ્પષ્ટ થાય તેની રાહ જોવા માંગશે. આ ઉપરાંત, તેઓ માગ અને એઆઇની અસર પણ જોવા માંગે છે.

આ ભોગોલિક તણાવ સમાપ્ત થવાના આરે હોવાથી ક્રુડ ઓઇલના ભાવમાં ઘટાડો થયો છે, જેનાથી ભારતને લાભ મળશે. ભારતીય શેરબજારમાં કયા સેકટરમાં લાભ મળશે તેવા પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે, ગ્રોથની દ્રષ્ટિએ બેન્કોનું વેલ્યુએશન સારૂં દેખાઇ રહ્યું છે. તેમની સંપત્તિની ગુણવત્તામાં સુધારો થયો છે. તેમને વ્યાજદરમાં ઘટાડાનો સંભવિત લાભ મળશે. ખાસ કરીને થાપણોની દ્રષ્ટિએ સરકારી અને ખાનગી બેન્કોની સ્થિતિ મજબૂત છે ક્રુડના ભાવમાં નરમાશ થવાથી ઉડ્યન, ઓટો-એફએમસીજી, પેઇન્ટસ, કન્ઝયુમર ડયુરેબલ્સ અને ઓએમસીને ફાયદો થઇ શકે છે.

વિશ્વની સૌથી મોટી એસેટ કંપનીમાં છટણી કરાશે

બ્લેકરોક મેનેજમેન્ટ કંપની ફરીથી 200 લોકોને છૂટા કરશે

નવી દિલ્હી, તા. 17ઃ વિશ્વની સૌથી મોટી એસેટ મેનેજમેન્ટ કંપની બ્લેકરોક ઇન્કફરી એકવાર છૂટા કરી રહી છે. આ અંતર્ગત લગભગ 200 કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મુકવામાં આવી રહ્યા છે. બ્લૂમબર્ગના એક રિપોર્ટ અનુસાર, આ બાબતની જાણકારી ધરાવતા લોકો કહે છે કે અસરગ્રસ્ત કર્મચારીઓની સંખ્યા બ્લેકરોકના કુલ કર્મચારીઓના એક ટકાથી પણ ઓછી છે. આ પહેલા કંપનીએ છેલ્લા 18 મહિનામાં 3 વખત કર્મચારીઓની સંખ્યામાં ઘટાડો કર્યો છે. જોબ કટનો અવકાશ મર્યાદિત હોવા છતાં, તેમની વારંવાર ઘટના કંપનીની સંસ્કૃતિમાં ફેરફાર કરી રહી છે.

બ્લૂમબર્ગના જણાવ્યા અનુસાર, બ્લેકરોકના રોકાણ, ઓપરેશન્સ અને ટેક્નોલોજી જેવા વિવિધ વિભાગોના કર્મચારીઓ છટણીના નવીનતમ રાઉન્ડના દાયરામાં આવી રહ્યા છે. આમાં કંપનીની ખાનગી ફાઇનાન્સિંગ શાખામાં નોકરીઓનો સમાવેશ થાય છે. કંપનીએ એક વર્ષ પહેલા એચપીએસ ઇન્વેસ્ટમેન્ટ પાર્ટનરને 12 અબજ ડોલરમાં ખરીદીને આ શાખાને મજબૂત બનાવી હતી. ખાનગી ક્રેડિટના ક્ષેત્રમાં બ્લેકરોકની આ અત્યાર સુધીની સૌથી મોટી ખરીદી હતી.

સોના-ચાંદી સુરત (ટેક્ષ સહિત)

સ્ટાન્ડર્ડ સોનું	૧૫૫૩૧૦
તેજાબી સોનું	૧૫૫૨૨૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૭૫૫૦
દાગીના-બીઆઇએસ હોલમાર્ક	૧૫૨૨૦૦
સોનાનાં બિસ્કીટ	૧૫૫૩૧૦૦
ચાંદી (૯૯૯)	૨૫૫૩૦૦
ચાંદી સિક્કા	૨૫૬૮૦૦